ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૧૪-૧૫ માટેની વહીવટી ગ્રાન્ટની મંજૂરી બાબત...

રૂ.૧૪૨.૦૦ લાખની મંજૂરી

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૩૧૨/૬૯૮૪૮૫/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-30/03/૨૦૧૫

વંચાણમાં લીધા:-

૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૬/૦૯/૨૦૧૪ નો સમાન ક્રમાંકનો ઠરાવ.
૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૬/૦૧/૨૦૧૫ નો સમાન ક્રમાંકનો ઠરાવ.
૩) ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૫/03/૨૦૧૫નો પત્ર ક્રમાંક:અવિકો/નાણાં/વહી/ગ્રાંટ/૨૦૧૪-૧૫/૬૦૧૫.

આમુખ:-

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની વહીવટી ગ્રાન્ટ માટે વર્ષ:૨૦૧૪-૧૫ માં રૂ!૬૧૨.૦૦ લાખની (અંકે રૂપિયા છસ્સો બાર લાખ પુરા) આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે. તે પૈકી નિગમના અધિકારી/કર્મચારીઓના પગાર, ભથ્થા તથા કન્ટીજન્સી ખર્ચને પહોંચી વળવા માટે થયેલ ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમાંક - ૧ ના ઠરાવથી રૂ! ૧૨૦.૦૦ લાખની અને ક્રમાંક નં- ૨ થી રૂ! ૩૫૦.૦૦ લાખની એમ કૂલ રૂ! ૪૭૦.૦૦ ગ્રાન્ટની ફાળવણી માટેની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમાંક-૩ પરના ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના પત્રથી બાકી રહેતી રૂ! ૧૪૨.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે વર્ષ:૨૦૧૪-૧૫માં બાકી રહેતી રૂ! ૧૪૨.૦૦ લાખની (રૂપિયા એકસો બેતાલીસ લાખ પુરા) વહીવટી ગ્રાન્ટની નીચે મુજબની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

૧) સને ૨૦૧૪-૧૫ ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટ મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવે છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪) વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલેશ શાહ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.